**–: <u>આંક–૦૫ લગત હુકમ</u> :–**

**(દિવાની કાર્યરીતિ સંહિતાના હુકમ–૩૯, રુલ–૧,૨ અને ૩ મુજબ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી)**

**૧.** વાદીની હાલની અરજી તથા તે સલંગ્ન રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી આધાર તથા દલીલો વંચાણે લીધી તથા આ સંબંધે પ્રતિવાદી દ્વારા રજૂ કરવામાં આવેલ દાવા જવાબ તથા તેઓ દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી આધાર ધ્યાને લીધા.

**૨.** આ કામે વાદી દ્વારા દાખલ કરવામાં આવેલ હાલની અરજીની ટૂંકી હકિકત ધ્યાને લેવામાં આવે તો સદર કામે મોજે–ગામ દાગજીપુરા તા. ઉમરેઠ જિ. આણંદના આકારણી મીલકત નં: ૪૨૨ વાળી મિલકત વાદીની માલિકી તથા સ્વતંત્ર કબજા–ભોગવટાની આવેલ છે. સદર મિલકત ના ખુંટ નું વર્ણન જોવામાં આવે તો, પૂર્વે વાદીની અન્ય મીલકત નં ૪૨૧ છોડી ૪૨૦ આવેલ છે. પશ્ચીમે પ્રતિવાદી ની અન્ય મીલકત આવેલ છે. ઉત્તરે વાદીની મીલકતની હાથણો ટેકા છોડી પ્રતિવાદી નં: ૪૪૨ વાળી મીલકત આવેલ છે. દક્ષિણે વાદીની મીલકતનો ચોક મુકીને રાજમાર્ગ આવેલ છે. આમ, ઉપરોકત ચાર ખુંટ વચલી મિલકતો વાદીઓની કબજા ભોગવટાની મિલકત આવેલી છે. સદર કામે ઉપરોકત વર્ણવેલ મિલકતના મુળ માલિક વાદીઓના વડીલો હતા. સદર મીલકત વાદીની વડીલોપાર્જિત મીલકત આવેલ છે. સદર મીલકતમાં વાદી કુટુંબ કબીલા સાથે વડીલોના વખતથી વસવાટ કરતા આવેલ છે અને સદર મીલકત પાકુ બાંધકામ વાળુ આવેલ છે. સદર મકાન મીલકતમાં વાદીના નામનું લાઈટબીલ આવેલ છે. વાદી તમામ પ્રકારના ટેક્ષ વાદી ભરતા આવેલ છે. સદર મીલકતમાં વડીલોના વખતથી હવા ઉજાશ વગેરેના તમામ હકકો અધિકારો સાથે સદર મીલકતનો વાપર ઉપભોગ કરતા આવેલ છે. સદર કામે ઉપરોકત વર્ણવેલ મિલકતમાં વાદીઓ છેલ્લા ૨૦ વર્ષેથી પાકુ મકાન બનાવી, તે મીલકતમાં આવતા હવા ઉજાશના તમામ હકક અધિકારો સાથે વસવાટ કરતા આવેલ છે. આજ દિન સુધી

તેમા કોઈ પણ ઈસમે હેલ્લો હરકત કરેલ નથી. તેમ છતાં સદર મીલકતની ઉતર દિશાએ આ કામના પ્રીતવાદીની મીલકત નં.૪૪૨ છે. જે ખુલ્લી ઘરથાળની મિલકત આવેલ હોય, સદર મીલકત પ્રતિવાદીએ આ મીલકતના મુળ માલીક પાસેથી કરાર થી રાખેલ છે, કોઈ કાયદેસર વેચાણ રજી. દસ્તાવેજ કરાવેલ નથી. સદર કામે પ્રતિવાદીનું મીલકતના મુળ માલીક સાથે સને આશરે ૨૦૦૯ થી પ્રતિવાદીએ વેચાણ રાખેલ ત્યાં સુધી કોઈ જ તકરાર વાદીઓ સાથે હતી નહી તથા સદર મીલકત પ્રતિવાદીએ સને આશરે ૨૦૦૯માં વેચાણ રાખેલ ત્યારથી આજ દિન સુધી પ્રતિવાદીઓ સાથે પણ કોઈ જ તકરાર હતી નહી. પરંતુ આ કામના પ્રતિવાદીએ પોતાની મીલકત જે ખુલ્લી ઘરથાળની જમીન મીલકત, જે સને આશરે ૨૦૦૯ કરારથી વેચાણ રાખેલ, જેમાં કાયદેસરનો કોઈ જ હક્ક અધિકાર ન હોય, તેમ છતા આ કામના પ્રતિવાદી તે ખુલ્લી જમીન મીલકતમાં મકાન બનાવતા હોય, જેમાં વાદીની મીલકતની ઉત્તર દિશાએ આ કામના પ્રતિવાદી વાદીની મીલકતની દિવાલ અડીને વાદીના માલીકીના સ્તંભ હાથણો જે મીલકત ને નુકશાન ન થાય તે માટે વર્ષો થી ઉભા કરેલ હતા તે અમો વાદી ની મીલકતને નુકશાન થાય તે રીતે મીલકત જોડે આવેલ સ્તંભ તોડી રહેલ છે. વાદી મીલકતથી કાયદેસરની જગ્યા છોડયા વગર તે સ્તંભ હાથણો તોડી મીલકતની અડોઅડ દિવાલ બનાવી રહેલ છે. જેમાં આ કામના પ્રતિવાદી સદર તેમની મીલકત અને વાદીની મીલકત ઉત્તર દિશાએ ઉપરના માળે હવા ઉજાશ માટે મોટુ જાળીયુ આવેલ છે, જેમાં થઈ વાદીની મીલકતમાં હવા ઉજાશ પ્રકાશ આવે છે. જે હાલ આ કામના પ્રતિવાદીઓ કાયદો હાથમાં લઈ કોઈ પણ પ્રકારના લાગભાગ હકક અધિકાર વગર વાદીના કાયદેસરના સુખાધિકાર પર તરાપ મારવા સદર બાંધકામ કરી હવા ઉજાશ માટેનુ મોટુ જાળીય પુરી લઈ (બંધ કરી)ત્યાં પ્રતિવાદી દિવાલ ઉભી કરી ઉપરના બીજા માળે પણ નવીન હકકો ઉભા કરી અને તેમના હકક હીત વગરનું વધારાનું બાંધકામ કરી રહેલ છે. જેનાથી વાદીને લીગલ ઇન્જરી થાય તેમ હોય, જેથી વાદીએ આ કામના પ્રતિવાદીને વિનંતિ સાથે અટકાવેલ તથા વાદીની મીલકતને નુકશાન ન થાય, તે બાબતે ઘણું સમજાવવા

કોશિષ કરેલ, પરતું આ કામના પ્રતિવાદી માથા ભારે, ઝનુની અને પોતાનું ધાર્યુ કરી બતાવે તેવા હોય, જેથી વાદીને જણાવેલ કે, તમારી મીલકતની ઉતર દિશાએ તારી મીલકતના સ્તંભ તોડી તેના અડોઅડ દિવાલ બનાવી તારી મીલકતમાં આવેલ હવા ઉજાશ માટેનુ મોટું જાળીયુ પુરી લઈ(બંધ કરી) અંધારુ કરી દઈશ તારાથી થાય તે કરી લે, પોલીસ સ્ટેશન તથા કોર્ટ કચેરીમાં અમારે બહુ લાગવગ છે અમારુ કોઈ કાંઈ બગાડી શકે તેમ નથી. આવી વાદીને પાંચ દિવસ ઉપર ધમકી આપેલ અને કાયદો હાથમાં લઈ વાદીની મિલકતમાં આવેલ હવા ઉજાશ માટેનુ મોટું જાળીયુ પુરવા લઈ (બંધ કરવા) કોશીશ કરતા અટકાવેલ તો પોલીસ ફરિયાદ થયેલ, ત્યારથી વાદીની મીલકત પરત્વે આવેલ અમારા કિંમતી સુખાધિકારના હકક અધિકારના રક્ષણ અર્થે તથા વાદીની મીલકતની ઉતર દિશાએ આ કામના પ્રતિવાદી વાદીની મીલકતમાં આવેલ હવા ઉજાશ માટેનુ મોટુ જાળીયુ આવેલ છે, જેમાં થઈ વાદીની મીલકતમાં હવા ઉજાશ પ્રકાશ આવે છે, જે હાલ આ કામના પ્રતિવાદીઓ કાયદો હાથમાં લઈ કોઈ પણ પ્રકારના લાગભાગ હક્ક અધિકાર વગર વાદીના કાયદેસરના સુખાધિકાર પર પરાત મારવા સદર બાંધકામ કરી મીલકતમાં આવેલ હવા ઉજાશ માટેનુ મોટુ જાળીયુ પુરવા (બંધ કરવા) ત્યાં પ્રતિવાદી દિવાલ ઉભી કરી ઉપરના બીજા માળે પણ નવીન હકકો ઉભા કરી અને તેમના હક્ક હીત વગરનું વધારાનું બાંધકામ કરી રહેલ છે. મીલકતને નુકશાન થાય તેવું કે, નવીન હકક અધિકાર ઉભા કરવા ના ઈરાદે કોઈ પણ નવીન કાચુ કે પાકું બાંધકામ કરી વાદીના હક્ક અધિકાર પર તરાપ મારે નહી, તે માટે કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે.

**3.** ઉપરોકત હકીકતને આધારે વાદી દ્વારા દિવાની કાર્યરીતિ સંહિતાના હુકમ–૩૯ નિયમ–૧ અને ૨ અનવ્યે અરજી કરી વાદીનો પ્રથમદર્શનીય કેસ છે, તેવા વાદીને સવલતતા મળે તેવા સારા સંજોગો છે અને સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં છે. જે સંજોગોમાં વાદીએ પ્રતિવાદીઓ વિરુદ્ધ દાવાના આખરી નિકાલ સુધી વચગાળાનો મનાઇ હુકમ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે.

૪. આ કામે આંક–૧૩ થી પ્રતિવાદીઓ દ્બારા જવાબ રજૂ રાખવામાં આવેલ છે. તેમાં તેઓ મુખ્યત્વે જણાવે છે કે, વાદીની દાવા અરજીમાં લખેલી હકીકતો ખરી નથી. વધુમાં તેઓ જણાવે છે કે, વાદીના ઘરથાળના પ્લોટ નં. ૪૨૨, તથા પ્રા.વાદીના ઘરથાળના પ્લોટ નં.૪૪૨ ની વચ્ચે પાર્ટીશન વોલ સહિયારી ૧૦ વર્ષ અગાઉ આશરે ૯ ફુટ ઉંચી વડીલો દ્બારા બનાવેલ, જે અસ્તિત્વમાં હતી. જેથી વાદી કે, પ્રા.વાદીને મિલ્કતના હકક, હિત બાબતે કોઈ વિવાદ કે, ઝઘડો કે, મનદુ:ખ ન થાય. સદર પાર્ટીશન વોલની ઉત્તરે, સદર દિવાલ પ્રતિવાદીના પ્લોટ તહીં પડે નહી, તે માટે પ્રા.વાદીએ ટેકા મુકેલ અને વાદીની ઉત્તરે પ્રા.વાદીનો ઘરથાળનો ખુલ્લો પ્લોટ હતો, વાદીનુ મકાન સદર દિવાલથી ઉત્તરે લગભગ આશરે ૮ ફુટ જગ્યા છોડી મકાન બનાવેલ અને સદર મકાનમાં ઉત્તર તરફ બારણું તથા બારીઓ મુકેલી હતી, વચ્ચે વરંડાની ખુલ્લી જમીન વાડા તરીકે વાપરતા હતા, પરંતુ વાદીનાઓએ સદર પાર્ટીશન વોલ ઉપરથી પોતાના મકાનની દક્ષિણ દિવાલ સુધી આર.સી.સી. સ્લેબ ભરી દઈ, વરંડો એટલે કે, વાડો મકાનમાં સમાવી દીધેલ.વપ્રા.વાદીએ પંચાયતની કાયદેસર પરવાનગી મેળવી નિયમ અનુસાર કાયદેસરનુ બાંધકામ કરી રહ્યા છે, પ્રા.વાદીની દિવાલ તરફ ભોયતળીયે કોઈ બારી કે, બારણું નથી, પરંતુ પ્રથમ માળે બાંધકામ કરતાં પ્રા.વાદીની મિલકતમાં પડે તે રીતે પ્રા.વાદીનાઓએ મોટા જાળીયું અને નાના જાળીયા મુકી દીધેલ, જે પ્રતિવાદીની સ્વતંત્ર માલીકીની જમીનમાં પડતા હોવાથી તેમજ મકાન બનતા મકાનમાં પડતા હોવાથી પ્રા.વાદીની પ્રાઈવસી અધિકારનો ભંગ કરતાં હોય, નછુટકે પાર્ટીશન વોલને અડોઅડ બીજી દિવાલ બનાવી, ગ્રાઉન્ડ ફલોરના મકાનનુ બાંધકામ પુરૂ કર્યુ ત્યાં સુધી વાદી તર્ફે વાંધો, હેલ્રો હરકત કરી નથી, પરંતુ પ્રથમ માળે દિવાલની ઉપરની તરફ ચણતર કામ શરૂ કરતા વાદીએ પોતાના મકાન ઉપરથી પથ્થરો, કેરોસીન રેડવા તથા નાંગી ભુંડી ગાળો બોલવાના ગંભીર ગુનાઓ કરતા, તેમ નહિ કરવાનુ કહેતા, પ્રા.વાદી તથા તેમના માણસો ઉશ્કેરાઈ જઈ, ગમે તેમ વર્તન કરતાં, તેની વિરૂધ્ધ પોલીસ

સ્ટેશને ફરીયાદ કરેલી, પરંતુ સદર દિવાની તકરાર હોય પોલીસે કાર્યવાહી ન કરતાં પ્રા.વાદી દાવો કરે તે પહેલા વાદીએ દાવો કરેલ છે. વાદીને પ્રા.વાદીની મિલ્કત નં.૪૪૨ તરફ કોઈ સુખાધિકાર પ્રાપ્ત થતો નથી, વાદીની મિલકતમાં પડે તે રીતે પ્રા.વાદી પોતાના મકાનના બારી બારણા કયારે મુકી ન શકે છતાં સદર જાળીયા મુકી હતી, ત્યારે વાદીનુ મકાન અસ્તિત્વમાં ન હતુ, તેથી ગેરકાયદેસર રીતે પંચાયતની કે, પ્રતિવાદીની પરવાનગી વીના જાળીયા મુકી દીધેલ જે વાદીના પ્રથમ માળના ભવિષ્યમાં ચણતર વખતે બંધ કરવાનુ વચન આપેલ, છતાં બંધ કરવાનું કહેવા જતાં બંધ નહિ કરતાં, પ્રા.વાદીએ ચણતરકામ ચાલુ રાખતા વાદીને જાળીયુ બંધ થઈ જશે તેમ લાગતા દાવો કરેલ છે. વાદીને માત્ર પોતાની મિલ્કતમાં જ ચણતર કરવાનુ કે, જાળી કે, બારી મુકવાનો હક્ક કે, અધિકાર છે, પરંતુ પ્રા.વાદીની મિલ્કતમાં પડે તે રીતે કોઈપણ પ્રકારે જાળી કે, બારી મુકી શકે નહી, તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે. તેમ કરવાથી પ્રા.વાદીનો પ્રાઈવસીના અધિકારનો સરેઆમ ભંગ થાય છે. આથી મર્યાદીત સમય માટે શરતી સગવડ મેળવવાની હકીકત સમજાવવા છતાં, વાદી ધ્યાને લેવા તૈયાર નથી. પ્રા.વાદીએ પરવાનગી વીના ગેરકાયદેસર બાંધકામ, સત્ય છુપાવી કરેલ હોય હાલનો ખોટો દાવો કરેલ છે અને કોઈપણ જાતની દાદ મેળવવા હકકદાર થતા નથી. પ્રા.વાદીની સ્વતંત્ર માલીકીની મિલ્કત એટલે મકાનમાં પડે તે રીતે બારી કે જાળીયું, મુકવાનો કોઈ હકક નથી, તેવો કોઈ સુખાધિકાર પણ પ્રાપ્ત થતો નથી, તેથી વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી, પ્રા.વાદીની મિલ્કતમાં પડે તે રીતે અને મકાન બનાવતા મકાનમાં પડે તે રીતે મુકેલ નાના–મોટા તમામ જાળીયા બંધ થવાથી વાદીને કોઈ નુકશાન થાય તેમ નથી, કારણ કે, વરંડામાં મુકેલા બારી બારણા, જાળીયાથી, હવા ઉજવાસ અને પ્રકાશ મેળવી શકાય તેમ છે. તેથી પણ વાદીને કોઈ નુકશાન થાય તેમ નથી તેથી વિરૂધ્ધ મનાઈ આપવાથી પ્રા.વાદીનુ ચાલુ બાંધકામ અટકી જાય, સરસામાનનો બગાડ થાય, પ્રા.વાદીની સ્વતંત્ર માલીકીની મિલ્કતમાં પડતા જાળીયાથી, પ્રાયવસીના હકક કે, અધિકારનો ભંગ થાય તેથી પ્રા.વાદીને

ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે, પ્રા.વાદી પોતાની સ્વતંત્ર મિલ્કતમાં કાયદેસર પરવાનગી મેળવી બાંધકામ કરતા હોય, સગવડ અગવડની સમતુલા સ્પષ્ટ રીતે પ્રા.વાદીની તરફેણમાં હોય વાદીની મનાઈ અરજી ખર્ચ સહિત રદ્દ થવાને પાત્ર છે.

**૫.** સદરહુ અરજીમાં માંગવામાં આવેલ દાદ અનવ્યે મારા માટે ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું પુરવાર કરી શકે છે ?

૨. શું વાદી સાબિત કરે છે કે, સમતુલાનું પલડું તેની તરફેણમાં છે ?

૩. શું વાદી માંગ્યા મુજબની કામ ચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણામાં ભરપાઇ ન થઈ શકે તેવું નુકસાન થાય તેમ છે?

૪. શું હુકમ?

**૫.૧** ઉપરોક્ત મુદ્દાઓ બાબતે મારી નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે.

**૬.** આ કામે વાદી દ્વારા હાલની અરજીમાં માંગ્યા મુજબના દાદ મેળવવા ઉપરોકત ત્રણ મુદ્દાઓ તેઓની તરફેણમાં હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે અને તે સંદર્ભે આ કામના વાદી દ્વારા હાલની અરજીની હકિકતોને આધારે જે દાદ માંગવામાં આવેલ છે, તે ધ્યાને લેવામાં આવે તો વાદી દ્વારા મિલકત નંબર–૪૨૨ વાળી મિલકતમાં ઉત્તર દિશાએ વાદીની મિલકતના હવા ઉજાસ માટે મોટુ જાળિયુ મુકેલ છે, આ કામના પ્રતિવાદીઓ વાદીની મિલકતને નુકસાન થાય અને સુખાધિકારના હક્ક છીનવાઇ જાય, તે માટે કામ ચલાઉ મનાઇ હુકમની માંગણી કરેલ છે. સદર હકિકત પુરવાર કરવા માટે સદર કામના વાદીએ આંક–૩ થી દસ્તાવેજી પુરાવાનું લિસ્ટ રજૂ રાખેલ છે. જેમાં નિશાની–૩/૧ અને ૩/૨ થી

આકારણી પત્રક, નિશાની–૩/૩ થી બાંધકામ પરવાનગીની રજાચીઠ્ઠી, નિશાની–૩/૪ થી નકશાની નકલ, નિશાની–૩/૫ અને ૩/૬ થી ફોટોગ્રાફ્સ, નિશાની–૩/૭ થી ફોટોગ્રાફ્સના બીલ અને નિશાની–૩/૮ થી ૩/૧૦ સુધી લાઇટબીલ રજૂ રાખેલ છે. સદર કામે રજૂ આકારણી પત્રક જોતા તે વાદીની મિલકત નં.૪૨૨ ના છે. તેમાં સદર કામના વાદીનું નામ છે. નિશાની–૩/૨ થી રજૂ આકારણી પત્રક જોતા તે મિલકત નં.૪૪૨ નું છે, જેમાં સદર કામના પ્રતિવાદીનું નામ છે. વધુમાં સદર કામે રજૂ નિશાની–૩/૩ થી પ્રતિવાદીને બાંધકામ કરવાની પરવાનગી આપતી રજાચીઠ્ઠી રજૂ રાખેલ છે. નિશાની–૩/૫ થી ફોટોગ્રાફ્સ રજૂ રાખેલ છે. જે ફોટોગ્રાફ્સ જોતા તેમાં જાળિયા હોવાનું જણાય આવે છે. પ્રતિવાદીએ આંક–૧૪ થી દસ્તાવેજ લિસ્ટ રજૂ રાખેલ છે. તેમાં નિશાની–૧૪/૧ થી પંચાયત તરફથી બાંધકામ કરવાની રજા ચીઠ્ઠી રજૂ રાખેલ છે. જે જોતા પ્રતિવાદીને તા.૧૬/૦૯/૨૦૨૨ ના રોજ તેમની મિલકત નં.૪૪૨ માં પાકુ બાંધકામ કરવાની ગ્રામ પંચાયત તરફથી પરવાનગી આપવામાં આવેલ છે. વધુમાં પ્રતિવાદીએ વેરા પહોંચ અને આકારણી પત્રક રજૂ રાખેલ છે. વધુમાં સદર કામે નિશાની–૧૨/૨ થી કોર્ટ કમિશ્નરે કરેલ પંચનામું અને નિશાની–૧૨/૩ થી નકશાનોંધ રજૂ રાખવામાં આવેલ છે. સદર કામે વાદીના કથન મુજબ પ્રતિવાદી તર્ફે વાદીના માલિકીના સ્થભો આવેલા છે, તેમ જણાવે છે, પરંતુ તે હકિકત પુરવાર કરવા માટે કોઇ દસ્તાવેજી આધાર રજૂ રાખેલ નથી. વધુમાં સદર કામે નિશાની–૧૨/૨ થી દાવાવાળી જમીનની સ્થળ સ્થિતિનું પંચનામું તથા નિશાની–૧૨/૩ થી કોર્ટ કમિશનરશ્રી દ્વારા કરવામાં આવેલ નકશાનોંધ જોતા મિલકત નં.૪૨૧ અને ૪૨૨ એમ બે મકાનો આવેલા છે. બન્ને મકાનોની ઉત્તર દીશાએ ૭ ફુટ ૨ ઇંચ ખુલ્લી જગ્યા છોડી, વાદી અને પ્રતિવાદી બન્ને વચ્ચેની કોમન પાર્ટિશન દિવાલ આવેલ છે. તે દિવાલની ઉત્તરે મિલકત નં.૪૪૨ આવેલ છે. સદર દિવાલની ઉત્તરે પ્રતિવાદી મકાન બનાવે છે. સદર કામે નિશાની–૩/૩ થી રજૂ ગ્રામપંચાયતની રજાચીઠ્ઠીથી સદર બાંધકામ કરવાની પ્રતિવાદીએ મંજૂરી મેળવેલ છે. વધુમાં સદર કામના વાદીના

સુખાધિકારના હક્કની માંગણી કરે છે. પરંતુ સદર કામે વાદી ૨૦ વર્ષ ઉપરાંતથી પોતાના મકાનનું બાંધકામ કરી તેઓ રાઇટ ટુ ઇજમેન્ટ ભોગવે છે, તેઓનું બાંધકામ ૨૦ વર્ષ જૂનુ હોય, તેવો પુરાવો કે, બાંધકામ કરેલાની પરવાનગી આપતી રજાચીઠ્ઠી કે, સતત બાંધકામ કરતા હોય તેવી ૨૦ વર્ષ જુની આકારણી સદર કામે વાદી રજૂ રાખવામાં નિષ્ફળ ગયેલા છે. આમ, સદર કામે રજૂ દસ્તાવેજી પુરાવા અને રજૂ થયેલ રેકર્ડ ઉપરથી વાદી માંગ્યા મુજબનો કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવામાં સફળ રહેતા નથી. આમ, આ તમામ હકીકતો અને રેકર્ડ ઉપર રજૂ દસ્તાવેજી પુરાવા ઉપરથી હાલના કામે આ કામના વાદી તેઓનો પ્રથમદર્શનીય કેસ છે, તેવી હકીકત પુરવાર કરી શકેલ નથી, તેથી વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી અને તેથી વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ રેકર્ડ ઉપર આવતુ ન હોય, તે સંજોગોમાં વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ ન આપવામાં આવે તો અગવડતા પડવાની કે, નાણામાં ભરપાઇ ન થઇ શકે તેવુ નુકસાન થવાની સંભાવના જણાતી નથી. તેથી ઉપરોકત તમામ સંજોગો અને રેકર્ડ ઉપરની હકિકતો ધ્યાને લેતા મુદ્દા નંબર ૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નંબર–૪ માટે નીચે મુજબનો આખરી નિર્ણય કરવામાં આવે છે.

## હુકમ

– વાદીની હાલની અરજી "**નામંજૂર**" કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(શાલિની એસ.બારઠ)
સીવીલ જજ,
ઉમરેઠ.
Code No.-GJ01573

તા.૧૦/૦૭/૨૦૨૬

S.B.Zala.-Guj-Steno